ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કયારેક મેરેથોનનો લાડુ પીરસી દોડાવે છે,
કયારેક 'રન ફોર'ના ગાજરે પણ દોડાવે છે.
દોડતી રહે છે પ્રજા સ્વપ્નો પાછળ ઘાંઘી બની -
- પછી ઓળખતા નથી, મતદાતાઓને દોડાવે છે...

### હાઈકુ

બનાવે મૂર્ખ -
ને પ્રચારના હાથા !
બિચારી પ્રજા...

વટાવે નામ,
સ્વાતંત્ર્ય સૈનિકોનું -
કરે ગુજારો...

### ચિંતન

*પ્રણવં હીશ્વરં વિદ્યાત્સર્વસ્ય હૃદિ સંસ્થિતમ્ ।*
*સર્વ વ્યાપિનમોકારં મત્વા ધીરો ન શોચતિ ॥*

ઉપરોક્ત શ્લોક છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

પ્રણવ ને જ સર્વના હૃદયમાં રહેલો ઈશ્વર જાણવો, સર્વવ્યાપી ૐ કારને જાણીન ધીરપુરુષ શોક કરતો નથી.

પ્રત્યેક ભૂત પ્રાણીના હૃદયમાં વસનારો આત્મા / ઈશ્વર તે પ્રણવ જ છે. તે જ સમસ્ત પ્રાણી સમુદાયના સ્મૃતિ - પ્રત્યય સ્વરુપે હૃદગુણમાં રહેલો ઈશ્વર સમજવો. એ સર્વવ્યાપી છે તેમ જ અંતર્યામી છે, એવું જાણ્યા બાદ પ્રણવવેત્તાને કશું શોક કરવા જેવું રહેતું નથી.

સર્વના હૃદયમાં વસનારો 'ઈશ્વર' પણ પ્રણવ જ છે એમ જણાવ્યું છે. આકાશની માફક સર્વવ્યાપી એવા ૐકારને વિશુદ્ધ આત્મતત્ત્વ સમજનાર બુદ્ધિમાન ધીર પુરુષને શોક કરવાનું કશું કારણ નથી રહેતું. આત્મજ્ઞાની શોકને પાર કરી જીવી જાય છે.

### સુવિચાર

- 'હું' થી ભરેલો માનવી પાગલ છે, તેનો બંગલો એક પાગલખાનું છે, તેને ૭૦-૮૦ વર્ષની જન્મટીપ મળી છે - **રણછોડભાઈ પટેલ**
- મુક્તિ એટલે આંતરિક અને બાહ્ય બધી જ સત્તાઓનો અંત - **એસ. ભટ્ટાચાર્ય**
- ગામના ઓટલે બેસીને આવતી-જતી પારકાની ગાયો ગણ્યા કરવાથી પોતની ગાયો વધી જતી નથી - **મહાવીર**
- જીવનની ગતિના ત્રણ મોટા અવરોધો છે, અકર્મણતા, લક્ષ્યહીનતા અને અવ્યવસ્થા - **સચ્ચિદાનંદ**
- આપણે પોતાના વખાણ થાય તેવી તકો ખોળતા રહીશું તો આપણે બહુ જ સહેલાઈથી આપણે જે નથી તેવા આપણી જાતને માની બેસીશું - **માતાજી**
- જીવનમાં આવ્યા કરે, પાનખર અને વસંત, મનની મમતા છૂટે, તો સુખશાંતિ અનંત - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : આદુના રસમાં ખડી સાકર મેળવી સવાર-સાંજ પીવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

અંગ્રેજ સાહિત્યના મહાન લેખક નાથાનિયેલ એક દિવસ નોકરી પરથી ઘરે આવ્યા અને પત્નીને કહ્યું, 'આજે મને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે.' પત્નીને આઘાત લાગ્યો પણ તરત સ્વસ્થ થઈ કહ્યું, 'જીવનનું મુખ્ય કામ નિષ્ફળતાઓ છતાં ધીરજપૂર્વક કામ કરતા રહેવાનું છે. એટલે બહુ ઉદાસ કે હતાશ ન થવું, મને ખબર છે કે તમે મહેનતું, પ્રામાણિક અને બુદ્ધિશાળી છો, જો એક રસ્તો ઈશ્વરે બંધ કર્યો તો ભવિષ્યમાં કંઈક બીજો રસ્તો ખુલશે જ.' પત્નીની વાત સાંભળી નાથાનિયેલે કહ્યું, 'તું કેવી વાત કરે છે, મારી નોકરી છૂટી જવાથી શું સારું થશે? અને હવે શું થશે કે જે મને પ્રખ્યાત કરી દેશે?'

પત્નીને કહ્યું, 'તમે સારા લેખક તો છો જ, નોકરી છૂટી જવાની હવે તમે તમારા લેખન ઉપર વધુ સમય આપો, લખતા રહો; સફળતા જરૂર મળશે, અને ઘરખર્ચની ચિંતા ન કરશો. હું એટલું કામ કરીશ કે આપણે બેવ આપણું ગાડું ગબડાવી શકીશું.'

પત્નીનો પોતાના પ્રત્યેનો આટલો ઊંડો આત્મવિશ્વાસ જોઈ બે વર્ષના સમયગાળામાં નાથાનિયેલે વિકટોરીયા યુગની નવલકથા 'ધી સ્કેલેંડ લેટર' લખી. આ નવલકથાને કારણે તેમને સર્વોત્તમ સાહિત્યકારમાં નામ મળ્યું. જેનો શ્રેય તેઓ પત્નીને આપતા હતા. કે જેણે મુશ્કેલીના સમયમાં પતિને સાથ તો આપ્યો પણ એમની બુદ્ધિશાળી પ્રતિમાનો સૌને પરિચય પણ કરાવ્યો હતો.

# 'લેવજેહાદ' ખુદ ઈસ્લામની અવમાનના છે

પ્રેમથી વધુ પવિત્ર ચીજ સમસ્ત બ્રહ્માંડમાં હોઈ શકે ખરી ? જીવનની અસ્ખલિત ધારા પ્રેમને લીધે જ શક્ય બની છે. સૃષ્ટિમાં જે કંઈ સૌંદર્યમય છે એની પાછળ પ્રેમનું તત્ત્વ પડેલું છે. ઈશ્વરને પણ આપણે પ્રેમ સ્વરુપ જ ગણીને પૂજતા રહ્યા છીએ. કૃષ્ણ પ્રેમનું જ પર્યાયવાચી નામ છે, જેની પાછળ આખું ગોકુળ ગાંડું છે. આ પ્રેમતત્ત્વ વિધવિધ રુપે વિલસે છે. માત્ર યુવાન વયનાં પ્રેમી પંખીડાં વચ્ચે જ પ્રેમ પાંગરે છે એવું નથી. પ્રેમ માતાની આંખમાં વહાલ થઈ વિલસે છે, પ્રેમિકાના નજરમાં પ્રણય સ્વરુપે વસે છે અને શિશુની આંખોમાં નિર્દોષ સ્મિત સ્વરુપે ફોરે છે. પરંતુ એ જ દિવ્ય પ્રેમ સાથે તરકટ, છેતરપિંડી અને કુત્સિત વાસના વણાયેલાં હોય ત્યારે એનું વિકૃત અને બિહામણું રૂપ સામે આવે છે. 'લવ જેહાદ' આવું જ પ્રેમના નામે થતી છેતરપિંડીનું બિહામણું સ્વરુપ છે. પ્રેમ નિરપેક્ષ હોય છે. એ ધર્મ સંપ્રદાય, નાતજાત, દેશ-પ્રદેશ કે ઉંમરનાં બંધનો સ્વીકારતો નથી. તેથી કોઈ કાચી ઉંમરની બાળા પ્રૌઢ કવિ કે કલાકારને પ્રેમ કરી બેસે તો એ ગુનો નથી. પરંતુ વયસહજ ઔચિત્ય પણ વિચાર થવો ઘટે. કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી કે ભાજપના બીજા મુસ્લિમ નેતા શાહનવાજ હુસેન હિંદુ સ્ત્રીઓ સાથે પરણ્યા હશે ત્યારે બેઉ યુગલો વચ્ચે સાચો પ્રેમ જ પાંગર્યો હશે. એને 'લવજેહાદ' ન જ કહેવાય. ગાંધીજીના ખોળામાં ઊછરેલા સ્વ. હમીદ કુરેશીનાં પત્ની હિંદુ હતા અને તેઓ જીવ્યાં ત્યાં સુધી હિંદુ સન્નારીના જ સંસ્કારો મુજબ જીવ્યાં. એમના સુપુત્ર અને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ આકિલ કુરેશી પણ હિંદુ પરિવારમાં પરણેલા છે. આ પ્રકારની ઘટનાઓ આપણા સમાજની સમરસતાનાં ઉદાહરણ છે. શાહરૂખખાન અને આમિરખાન જેવા લોકપ્રિય અભિનેતાઓ બળજબરી કરીને હિંદુ સ્ત્રીઓ સાથે નથી પરણ્યા કે નથી પરણ્યા પછી એમણે એમના 'બેટર હાફ' સાથે દગો કર્યો. મહાન અકબર સાથે રાજા માનસિંહે પોતાની બહેન-દીકરી જોધાબાઈના લગ્ન કરાવ્યા એમાં ભલે તત્કાલીન રાજનીતિની મજબૂરી છુપાયેલી

**તંત્રીસ્થાનેથી...**

હોય, પરંતુ અકબરે જોધાબીને એનો ધર્મ પાળવાની છૂટ આપી હતી અને મહેલમાં જ કૃષ્ણમંદિર બનાવી આપ્યું હતું. આવી અનેક માંગલિક ઘટનાઓ આપણા ઉદાર લોકમાનસની પ્રતીતિ કરાવતી રહી છે, પણ સામે પક્ષે ઈસ્લામિક કટ્ટરપંથીઓ દ્વારા હિંદુ સ્ત્રીઓને બળજબરીપૂર્વક ભ્રષ્ટ કરવાની ઘટનાઓનો પણ અંબાર ખડકાયેલો છે. આવી બળજબરીથી બચવા માટે સામૂહિક જૌહરની ઐતિહાસિક ઘટનાઓ પણ બનતી રહી છે. ફક્ત મોગલોના કે તુર્કોના શાસનકાળમાં જે નહીં બલકે દેશના વિભાજન વખતે હિંદુ સ્ત્રીઓ પર થયેલ અત્યાચારોની સ્મૃતિ સુધ્ધાં કોઈ પણ ભારતીય નાગરિકના દિલોદિમાગમાં સામા પક્ષ પ્રત્યે નફરત પેદા કરતી રહી છે. 'લેવ જેહાદ' એ ચાલાકીપૂર્વકનો અત્યાચાર છે, જે વર્તમાન ત્રાસવાદીઓના સડેલા મગજની પેદાશ છે. એમાં વિધર્મી યુવાનો દ્વારા હિંદુ કન્યાઓને પ્રેમના નાટક દ્વારા પદ્ધતિસર ફસાવી એમની સાથે લગ્ન કરવામાં આવે છે. નિર્દોષ યુવતી આવા તરકટમાં ફસાયા પછી નથી ઘરની રહેતી કે નથી ઘાટની. તેથી આવા બનાવો પ્રત્યે જાગ્રત રહેવાની અને એવી ઘટનાઓમાં ઊંડા ઊતરી એની પાછળના આશયને સમજવો જરૂરી બને છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળ જેવાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સંગઠનો હિંદુ યુવતીઓ આવી છેતરપીંડીનો શિકાર ન બને એની તકેદારી રાખતાં હોય તો એમાં કશું ખોટું નથી. જો બેઉ યુવક યુવતી વચ્ચે પરિપક્વ પ્રેમ હશે તો બેઉ એકમેકની સાથે સમાધાનપૂર્વક જીવી શકાશે. પરંતુ મોટે ભાગે પુરુષ પ્રધાન સમાજમાં પુરુષનો ધર્મ જ સ્ત્રીએ અપનાવવો પડે છે, જે દેખીતી રીતે એક માનસિક અત્યાચાર જ ગણાવો જોઈએ. સાચાં પ્રેમીજનો ધર્મ-સંપ્રદાય કે નાતજાતના અંતરાયો ઓળંગી પરસ્પર પ્રત્યે સમર્પિત થતાં હોય છે. એમને બળજબરીપૂર્વક જુદાં પાડવા એ પાપ છે. 'લેવ જેહાદ' માં ખરેખર તો 'જેહાદ' શબ્દને જ એની પાછળની પવિત્ર ભાવનાને બદનામ કરાતી રહી છે. 'જેહાદ' નો મૂળ સંદર્ભ તો વિશુદ્ધ ધર્મભાવના પાછળ બલિદાન આપવાની તૈયારી સાથેનું ધર્મયુદ્ધ લડવાનો હતો. જો એનો કોઈ ભોળી પરધર્મી યુવતીને ફસાવવા માટે ઉપયોગ થતો હોય તો એ ઈસ્લામની તૌહીન (અવમાનના) જ ગણાવી જોઈએ.

# પરધર્મી સાથે લગ્ન બાદ સ્ત્રી પોતાનો ધર્મ અપનાવી શકે કે નહિ?

**વિધર્મી સાથેના લગ્નબાદ સ્ત્રી કયો ધર્મ પાળી શકે પતિનો કે પિતાનો..... એક સળગતો સવાલ**

અતિ સંવેદનશીલ મુદ્દાને સુપ્રિમ કોર્ટમાં પાંચ ન્યાયાધિશોની બેન્ચ સમક્ષ નિર્ણય કરવા મુકવામાં આવ્યો છે. મુદ્દો એ છે કે શું સ્ત્રીઓએ લગ્ન બાદ પતિનો ધર્મ અપનાવવો જોઈએ કે પિતાનો મુળ ધર્મ સ્પેશ્યલ મેરેજ એકટ મુજબ વિશિષ્ટ કાનૂન બનાવવામાં આવ્યો છે કે સ્પેશ્યલ મેરેજ એકટ મુજબ લગ્ન કરનાર સ્ત્રી પતિ યા પિતા કોઈપણનો ધર્મ સ્વેચ્છાએ અપનાવી શકે છે.

યાચીકા કરતા પારસી સ્ત્રી હોય તેનો વિધર્મી સાથે લગ્ન કરતા લગ્ન બાદ પારસી ધર્મ પાળવા ઉપર પારસી સમાજે પ્રતિબંધ લાદેલ છે જેના વિરૂધ્ધમાં પારસી મહિલા ગુલરૂપે નામદાર કોર્ટમાં અપીલ ગુજારેલ કે પોતે મુળ ધર્મ પારસી રીત રીવાજ લગ્ન બાદ પણ અપનાવેલ હોય પારસી અગિયારીમાં પૂજા કરવાનો તથા મરણબાદની વિધિમાં ભાગ લેવાનો અધિકાર મળવો જોઈએ આ તરફ પારસી સમાજે વિધર્મમાં લગ્ન કરેલ હોય મહિલાને તેના પતિનો ધર્મ અપનાવવા જણાવી પારસી રીતરિવાજથી મંદિરના હક્ક ઉપર પ્રતિબંધ ઠરાવેલ.

ગુલરૂપ પારસી મહિલા હોવા છતાં તેણે હિન્દુ ધર્મના પુરૂષ સાથે લગ્ન કરતા તેના પારસી તરીકેના અધિકારો સમાપ્ત થવાનું પારસી જમાતે જણાવી મહિલાને પારસી સમાજના રીતરિવાજ મુજબ પૂજામાં ભાગ લેવા તથા મૃત્યુ સંસ્કારમાં ભાગ લેવા ઉપર પ્રતિબંધ લગાવેલ.

ગુલરૂપ પારસી હોવાથી તેણે લગ્નબાદ પણ પારસી રીતરિવાજ ચાલુ રાખી પારસી ધર્મ મુજબ પૂજા ઘરમાં કરી અગરબત્તી પણ પેટાવી રાખેલ તેણે લગ્ન બાદ પોતાનો ધર્મ બદલેલ નથી તેની બીજી બહેન શિરાજ કોન્ટ્રાકટર પારોદિયા આ બન્ને મહિલાઓએ યાચીકા કરી પોતાનો ધર્મ ચાલુ રાખી મંદિરમાં પૂજાના તથા અંતિમ સંસ્કારના હક્કો આપવા જણાવેલ તથા તેની વૃધ્ધ માતાને ૮૦ વર્ષની છે તેમના તથા તેમના પારસી સગાઓના અંતિમ સંસ્કાર ટાવર ઓફ સાયલન્સમાં ભાગ લેવા સમંતિ આપવા જણાવેલ.

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૨માં બન્ને બહેનોની પીટીશન રદ કરેલ જેના ઉપર સુપ્રિમ કોર્ટમાં બન્ને બહેનોએ દાદ માંગતા પાંચ ન્યાયાધિશોની ખંડપીઠે ફેંસલો કરવા કોન્સીસ્ટ્યુશન બેન્ચમાં ફેંસલો કરવા જણાવેલ છે.



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

પારસી સમાજની વ્યવસ્થા મુજબ અગર કોઈ પારસી મહિલા ગેર પારસીથી લગ્ન કરે તો લગ્ન બાદ પારસી સમાજ આવી વ્યક્તિને ગેર પારસી ઘોષીત કરી માતા પિતાના કે અન્ય સગાવ્હાલાના મૃત્યુના પ્રસંગમાં જેને ટાવર ઓફ સાયલન્સની વિધિમાં તથા ફાયર ટેમ્પલમાં ભાગ લેવા દેવામાં આવતા નથી તથા મંદિરના પ્રજાપાઠમાં પણ ભાગ લેવા દેવામાં આવશે નહિ જયારે પારસી મહિલાઓ ગેર પારસી વ્યક્તિ સાથેના લગ્ન બાદ પણ પોતાનો ધર્મનું પાલન કરતી આવેલ હોવા છતાં આવો હક્ક આપવામાં આવતો નથી.

પારસી મહિલાનું કહેવું એ છે કે મહિલાનું એક અલગ વ્યક્તિત્વ છે તેને સ્વતંત્રતા હોવી જોઈએ કે લગ્ન બાદ તેને કયો ધર્મ અપનાવવો, પતિનો યા પિતાનો તેમાં તેની મરજી મુજબ નિર્ણય લેવા દેવો જોઈએ. સ્પેશ્યલ મેરેજ એકટ દ્વારા પણ વિશિષ્ટ દરજ્જો આવી વ્યક્તિને આપેલ છે કે તે પોતાના ધર્મનું પાલન લગ્ન બાદ પણ કરી શકે.

યાચીકા કરતા બહેનોએ જણાવેલ કે અમારા માતા પિતા ૮૦ વર્ષની ઉંમરના છે અમારે ભાઈ નથી. અમારા માતાના મૃત્યુ બાદ પારસી રીત રિવાજ મુજબ અમને તેમના અંતિમ

**અનુસંધાન પાના નં. ૬ પર**

# મૂકી છે દોટ બંનેએ - હવે જે થાય તે સાચું - જમાને ઝાંઝવારૂપે, અમે તરસ્યા હરણારૂપે

**મૂકી છે દોટ બંનેએ - હવે જે થાય તે સાચું -**
**જમાને ઝાંઝવારૂપે, અમે તરસ્યા હરણારૂપે.**

**- ગની દહીંવાલા**

આજનો આ જેટયુગ સફળતા અને સિદ્ધિના ઉચ્ચ શિખરો સર કરવાનો સમય છે. દરેક યુગમાં સફળ અને નિષ્ફળ બંને પ્રકારના વ્યક્તિઓ જોવા મળે છે. પરંતુ, ખરેખર દરેક વ્યક્તિના જીવનમાં સફળતા અને નિષ્ફળતા બંનેના અનુભવો થયા જ હોય છે. સફળ વ્યક્તિ એટલે એ વ્યક્તિ કે જે નિષ્ફળ સંજોગોને હરાવીને, લડીને તેમાંથી બહાર નીકળી આવ્યો છે તે અને નિષ્ફળ વ્યક્તિ એટલે જે સફળતાને પામ્યા બાદ તેને જીરવી શકવાની ક્ષમતા ધરાવવા અસમર્થ છે તે. આજના સમયમાં બધાને જ સુખી-સંપન્ન અને સમૃદ્ધ બની જવું છે. સુંદર દેખાવું છે અને પ્રસિદ્ધ પણ બનવું છે. જો કે, અમુક લોકો શિસ્તબદ્ધ રીતે પ્રયત્નશીલ બનીને આ તમામ વસ્તુઓને પામી લે છે. પરંતુ, તેના માટે યોગ્ય અને પદ્ધતિસરની મહેનત નિયમિતપણે કરવામાં આવી હોય છે તે નોંધનીય છે. આપણે ત્યાં શિક્ષણપદ્ધતિ કંઈક એવા પ્રકારની છે કે જયારે વિદ્યાર્થી આઠમા કે નવમા ધોરણમાં આવે ત્યારથી જ તેના પર એક જાતનું પ્રેશર રહેતું હોય છે. પરીક્ષાનો હાઉં, શારીરિક ફેરફારો, મિત્રવર્તુળમાં બદલાવ આ તમામ બાબતો એકસાથે વિદ્યાર્થીને **handle** કરવાની રહે છે. આજનું શિક્ષણ કંઈક એવા પ્રકારનું છે કે જો થોડુંક પણ **'out of syllabus'** કંઈક પૂછાય તો વિદ્યાર્થીઓ અટકી પડે છે. ગિજુભાઈની એક બાળવાર્તામાં કંઈક આવી જ વાત છે :

'એક હતો વાણિયો. વાણિયો હતો ભલો ભોળો, પણ કાળજાગાંડો. નાની એવી હાટડી રાખે. તેમાં દાળિયા, મમરા ને રેવડી એવું એવું વેચે ને સાંજે પડ્યે પેટજોગું રળે.

એકવાર રાતે હાટડી બંધ કરી તે ઘેર જતો હતો. ત્યાં રસ્તામાં તેને ચોર મળ્યા.

વાણિયો કહે : 'અલ્યા, અત્યારે મોડી રાત્રે કયાં ચાલ્યાં ?'
ચોરો કહે : 'જઈએ છીએ તો માલ ખરીદવા.'
વાણિયો કહે : 'રોકડે કે ઉધાર ?'
ચોરો કહે : 'રોકડેય નહિ ને ઉધારય નહિ. પૈસા જ દીધા વિના.'
વાણિયો કહે : 'ત્યારે એ વેપાર બહુ સારો ! મને તમારી સાથે લેશો ?'
ચોરો કહે : 'ચાલ ને ભાઈ ! ખુશીથી ચાલ. તનેય તે લાભ થશે.'.
વાણિયો કહે : 'એ તો ઠીક, પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો ?'
ચોરો કહે : 'લે, લખ - કાગળમાં : કોનાના ઘરની પછીતે....'
વાણિયો કહે : 'લખ્યું - કોઈના ઘરની પછીતે...'
ચોરો કહે : 'લખ - હળવે હળવે બાકું પાડવું...'
'પછી લખ - ધીમે ધીમે ઘરમાં જવું...'
'જે જોઈએ તે ભેગું કરવું...'
'ન ઘર ધણીને પૂછવું કે ન પૈસા દેવા...'
'લઈને ઘર ભેગા થઈ જવું.'

વાણિયો તો કાગળમાં બધુંય લખતો રહ્યો ને પછી કાગળ ખિસ્સામાં નાખ્યો. ચોરો એક ઘરમાં ચોરી કરવા ગયા ને વાણિયો બીજાના ઘરમાં ચોરી કરવા ગયો. ત્યાં વાણિયાએ બાકસ સળકાવી કાગળિયું વાંચ્યું.

તેણે બરાબર કાગળમાં લખ્યા પ્રમાણે કર્યું. પહેલાં પછીતે કાણું પાડ્યું; પછી હળવે હળવે ઘરમાં ગયો; પછી કોથળો શોધી તેમાં પિત્તળનાં નાનાં વાસણો નિરાંતે ભરવા લાગ્યો. એમ કરતાં કથરોટ નીચે પડી ને અવાજ થતાં ઘરનાં જાગી ઊઠ્યા.વાણિયાને પકડ્યો ને સૌ તેને માર મારવા લાગ્યા. માર ખાતાં ખાતાં વાણિયાએ પોતાના ખિસ્સામાંનુ કાગળિયું કાઢ્યું. જેમ તેમ વાંચી લીધું. વાણિયો તો કૂદતો જાય ને બોલતો જાય :

'એ ભાઈ, આ તો લખ્યાં બારું ; એ ભાઈ, લખ્યાં બારું છે !'

બધા વિચારમાં પડ્યા ને મારતા અટકી જઈ એને કહે : 'એલા, આ શું બોલે છે ?'

વાણિયો કહે : 'લો આ કાગળિયું, લખ્યું છે એમાં કયાંય માર ખાવાનું ? આ તો તમે લખ્યા બારું કરો છો !'



### WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

આ વાર્તામાં તમને લાગે કે કોઈ આવું મૂરખ થોડું હોય ? પણ આજના બાળકોને એકધાર્યું પુસ્તકનું જ્ઞાન આપવાથી જયારે તેમને જીવનમાં પોતાના પ્રશ્નો સામે લડવું પડે ત્યારે તેઓ હલી જાય છે. માત્ર બાળકો જ નહિ, આજના નવયુવાનો પણ રાતોરાત અંબાણી કે બિરલા બનવાની મહત્ત્વાકાંક્ષા પાછળ આંધળી દોટ મૂકે છે અને જીવનની નાની એવી નિષ્ફળતા પણ જીરવી શકતા નથી. આજકાલ સ્ત્રીઓ પણ પુરુષ સમોવડી બનવાની હોડમાં એક સાથે એટલી બધી જવાબદારીઓ પોતાના માથે લઈ લે છે કે કયારેક સાવ નાની એવી બાબતમાં પણ શું કરવું એ તેને સૂઝતું નથી અને તે અકળાઈ જાય છે. સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના પૂરક છે અને બંનેએ પ્રતિસ્પર્ધી બન્યા વગર એકબીજાને અનુકૂળ બનીને સાથે ચાલવાનું છે. જીવનની પરીક્ષામાં તો હંમેશા 'લખ્યા બારું' જ આવશે માટે જો સમજણપૂર્વક અને ધીરજથી પરિસ્થિતિનો સામનો કરતા શીખી જવાય તો તે જ સાચું શિક્ષણ.

**Last Seen**

**'ઊર્મિનું કબૂતર બેઠુ'તું નિજ ગભરુ દર્દ છુપાવીને,**
**આંખોમાં જીવનસ્વપ્ન હતાં, પાંખોમાં જીવનભાર હતો...'**


**- વેણીભાઈ પુરોહિત**

- nehalgadhavi101@gmail.com

# 'સ્કીલ' કરતાં 'વીલ'નો પાવર વધારે જ હોય

બેંગલોરના પરગણામાં રહેતા એક પરિવારની એક સાંજની આ વાત છે. પાંત્રીસેક વર્ષના પિતા એના આઠેક વર્ષના દીકરા સાથે સાંજે ઘરના આંગણામાં પ્લાસ્ટિકના બેટ અને બોલથી ક્રિકેટ રમતા હતા. ૧૨ બોલની મેચ. પહેલી મેચ પિતા જીતી ગયા. બીજી અને ત્રીજી પણ જીતી ગયા. હવે રમવાનો પિતાજીને કંટાળો આવ્યો. એણે નાનકડા રોહનને કહ્યું 'યાર થાકી ગયા હવે બંધ કરીએ' દીકરાએ કહ્યું, 'ના હજી એક મેચ રમીએ...' ફરી દીકરો હારી ગયો. પિતાજીને વધુ એક મેચ રમવા એણે મજબૂર કર્યો. આખરે કંટાળીને પિતાજીએ કહ્યું 'ક્યાં સુધી આમ રમતા રહીશું બેટા?' પુત્રએ ખૂબ સાહસિકતાથી જવાબ આપ્યો 'જ્યાં સુધી હું જીતું નહીં ત્યાં સુધી.'

એક સાત-આઠ વર્ષના નાનકડા છોકરાએ સહજ ભાવથી કીધેલી વાત જીવનમાં આત્મવિશ્વાસના મહત્વને સમજાવતી નક્કર વાસ્તવિકતાને ઉજાગર કરવા માટે પુરતી છે. જીવનમાં 'સ્કીલ' કૌષલ્ય ચોક્કસ જરૂરી છે




પણ એનાથી વધારે 'વીલ' આત્મવિશ્વાસ જરૂરી છે. સામાન્ય રીતે કોઈ કાર્ય કરતાં મુશ્કેલી આવે ત્યારે એ રૂકાવટને અંતિમ સમજીને લક્ષ્યને છોડી દેવામા આવતુ હોય છે. એક ભાઈને સમાચાર મળ્યા કે, એમના પિતાજીની તબિયત સારી નથી અને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. એમના ઘરેથી પિતાજી જ્યાં રહેતા હતા એ ગામ સોએક કિલોમીટર દૂર હશે. ઘરની બહાર નીકળ્યા તો ખબર પડી કે શહેરમાં રીક્ષા-ટેક્સીની ડહતાલ છે. જેમ તેમ કરીને મિત્રના સ્કૂટર ઉપર રેલવે સ્ટેશન પહોંચ્યા. પણ મોડુ થઈ ગયું. ટ્રેન છૂટી ગઈ. તાત્કાલિક બસ સ્ટેન્ડ પહોંચ્યાં. બસ પકડી તો વીસેક કિલોમીટર પછી બસના ટાયરમાં પંચર પડ્યું. હાઈ-વે ઉપર લીફ્ટ મેળવી આ ભાઈ હોસ્પિટલમાં પિતાજી પાસે પહોંચી ગયા. ટેક્સી, રેલવે, બસ વગેરે ટ્રાસ્પોર્ટેશનની અનેક તકલીફો છતાં 'સોલીડ' કારણ હતું તો તે ગમે તે રીતે પ્રવાસ કરીને તેમના પિતાજી સુધી પહોંચી ગયા.

એક સામાન્ય પ્રવાસ માટે પણ જો એક પ્રયાસ નિષ્ફળ જાય તો બીજો વિકલ્પ, બીજો અસફળ થાય તો ત્રીજો, પછી ચોથો, પાંચમો એમ સો વિકલ્પો શોધી કાઢવામાં આવે છે. તો જીવનને અર્થપૂર્ણ અને સફળ બનાવવા હજારો વિકલ્પો તરાશતા થાક ન લાગવો જોઈએ. આપણી તકલીફ એ છે કે આપણે ખૂબ થોડું મેળવવામાં રાજી થઈ જઈએ છીએ. પચાસ હજાર કે લાખની નોકરી માટે રાજી થઈ જઈએ છીએ. દસ લાખના ટર્નઓવર કે નફામાં રાજી થઈ જઈએ છીએ. દસ કરોડના કે દસ અબજના મેગા બિઝનેસમેન બનવાનું વિચારી જ નથી શકતાં. કવિ મિત્ર અનિલ ચાવડાએ સરસ લખ્યું છે કે,

' અધિરો છે ઈશ્વર બધુય તને આપવા
તું ચમચી લઈને ઉભો છે દરિયો માંગવા માટે... ' સામાજિક હોય કે ધાર્મિક, વ્યાવસાયિક હોય કે અર્થિક બાબત હોય એક મુશ્કેલી પછી પાછા કેમ વળી જવાય ? એક નહીં એક હજાર વિકલ્પો અજમાવવા જોઈએ.

જીવનને અર્થસભર બનાવવા જાગૃત પ્રયાસ કરવા પડે. પરિણામ પ્રાપ્ત કરવા માટે 'શા માટે ?' કે પછી 'મને જ કેમ ? મારો શો વાંક ?' એ પ્રશ્નો પૂછવાને બદલે ' ક્યારે કાર્યનો આરંભ કરવાનો છે ? ડેડલાઈન શું છે ? ' એ બે પ્રશ્ન પૂછવામાં જ સાર છે. રામાયણમાં શ્રી રામનું કેરેકટર સેંકડો, હજારો વર્ષોથી પ્રેરણા સ્ત્રોત બની રહ્યું છે. એનું મુખ્ય કારણ શ્રી રામનો પરિણામલક્ષી પ્રયાસ છે. બીજા દિવસે સવારે જે વ્યક્તિનો રાજ્યાભિષેક થવાનો હતો. જેને રાજા બનવાનું હતું એને આવીને કહેવામાં આવે કે, મુગટ, આભૂષણો અને રાજાનો પોષાક ઉતારી નાખો અને આવતી કાલે સવારે તીર કામઠું અને સાધુના વેશમાં ૧૪ વર્ષ વનમાં જાવ ત્યારે શ્રીરામ એમ નથી પૂછતા કે, ' મારો વાંક શું? મારે જ શું કામ વનમાં જવાનું? ' રામ પૂછે છે કે ' માતાજી ક્યારે નીકળવાનું છે? નીકળતાં પહેલાં માતૃશ્રીના દર્શન કરીને જાઉં ? ' ' સેફ ઝોન ' શોધતા નિર્બળ અને પડકારોને અતિક્રમીને વિજેતા બનતા શૂરવીરમાં બસ આ ફર્ક છે. જીવનનું એક કારણ હોય, એક અર્થ હોય, એક લક્ષ્ય હોય. કારણ કે લક્ષ્ય વગરના કાર્યો રેલવે સ્ટેશને ટીકીટ બારી ઉપર સ્થળ જણાવ્યા વગર ટીકીટ લઈ મુસાફરી કરતા મુસાફર જેવી હોય છે.



### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક પંદર-સોળ વર્ષનો નાનકડો છોકરો તેની પહેલી મેચમાં પાકિસ્તાનના ફાસ્ટ બોલર સામે બેટ પકડીને ઉભો છે. જેના બોલ ૧૫૦ માઈલની ઝડપે આવતા હોય તેની સામે પહેલો બોલ રમવા હવામાં બેટ વીંઝે બોલ દેખાયો જ નહીં. બીજો બોલ નાક ઉપર વાગે છે. લોહીની ધાર છૂટે છે. પેવેલિયનમાંથી ફિઝીયો દોડતા આવે છે. સ્ટ્રેચર લઈને માણસો દોડે છે. પણ આ ટાબરીયો નાક ઉપર પટ્ટી લગાવી કહે 'મેં ખેલેગા'. સામે છેડે ઉભેલા નવજોતસિંહ સિધ્ધુ કહે છે ' આર યુ શ્યોર ? ' ટાબરીયો કહે છે, ' હાં મૈ ખેલેગા ' ત્રીજો બોલ આત્મવિશ્વાસથી બે ડગલા આગળ વધી બેંટ વીંઝીને બાઉન્ડ્રી બહાર મોકલી આપ્યો. નાકની લોહીની ધાર ભુલીને આત્મવિશ્વાસથી ઉભો થાય એ જ 'ક્રિકેટિંગ ગોડ' સચિન તેંડુલકર બની શકે. સ્કીલ અને વીલ આ બે એવા મજબૂત પાસા છે કે, જેના ઉપર જીવનનું 'કારણ' અર્થપૂર્ણ બનતું હોય છે. એમાં પણ કૌશલ્ય કરતાં આત્મવિશ્વાસ વધુ બળવાન હોય છે. સચિનના કૌશલ્ય અને અનુભવે તો આવા બાઉન્સર સામે બેસી જવાનું શીખવેલું. પરંતુ એ ન કામ લાગ્યું. કામ લાગ્યો લક્ષ્ય પ્રાપ્તિ માટેનો આત્મવિશ્વાસ.

સામાન્ય રીતે દ્રષ્ટિકોણ બે પ્રકારના હોય છે. એક ' આઈ સાઈટ ' અને બીજું ' માઈન્ડ સાઈટ '. ' આઈ સાઈટ ' એટલે આંખોથી દેખાય એટલું વિશ્વ પણ ' માઈન્ડ સાઈટ ' એટલે આંખો બંધ કરી સમસ્ત બ્રહ્માંડ જોવાની શક્તિ. જરૂર છે 'માઈન્ડ સાઈટ'ને વિકસાવવાની. આપણે રોજ જોઈએ છીએ સુરજ પૂર્વમાં ઊગે છે પશ્ચિમમાં આથમે છે. પણ આપણે બધા જ જાણીએ છીએ ખરેખર તો સુરજ ઊગતો કે આથમતો જ નથી. સુરજ તો ત્યાં જ છે આપણી ધરતી ફરે છે. એટલે ઉદય અને અસ્તનો ભાસ થાય છે. 'માઈન્ડ સાઈટ' ડેવલપ કરીએ આપણો સૂર્ય ક્યારેય અસ્ત નથી થવાનો. આપણા જીવનમાં માત્ર ઉદય જ ઉદય છે.

ધબકાર :

આજ મુશ્કેલ લાગતી હોય અને આવતી કાલ પણ કદાચ વધુ ખરાબ હોઈ શકે પણ એના પછીના દિવસનો સુર્યોદય સફળતાના સોનેરી કીરણો સાથે ઉગતો હોય છે.